# ત્રાસવાદી હુમલામાં પાકની સંડોવણીના પુરાવા

જમ્મુ,તા. ૬

જમ્મુ કાશ્મીરમાં એક જ દિવસે ચાર ત્રાસવાદી હુમલા થયાના એક દિવસ બાદ હવે હુમલામાં પાકિસ્તાનની સંડોવણી હોવાના પુરાવા મળી રહ્યા છે. હુમલાના એક દિવસ બાદ ભારતીય સેનાના જવાનોએ માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી કબજે કરવામાં આવેલા હથિયારો અને દારૂગોળામાં તપાસ કરતા આ મુજબની વાત સપાટી પર આવી છે. હથિયારો અને દારૂગોળા પર પાકિસ્તાની માર્કિંગ સ્પષ્ટપણે દેખાય છે. જે સાબિત કરે છે કે પાકિસ્તાનની સંડોવણી રહેલી છે.`જે હથિયારો મળી આવ્યા છે તેમાં છ એકે ૪૭ રાઇફલ, સોટગન નાઇટ વિજન ગોગલ્સ , મેગેઝિન અને ગ્રેનેડનો સમાવેશ થાય છે. ત્રાસવાદીઓ પાસેથી ભારતીય નોટ પણ મળી આવી છે. વધુમાં પાકિસ્તાનની સંડોવણી જાહેર કરે તેવા અન્ય પુરાવા પણ મળ્યા છે. જેના બાગરૂપે માર્યા ગયેલા ત્રાસવાદીઓની પાસેથી ઉર્દુ માર્કિંગના ફુડ પેકેટ પણ મળી આવ્યા છે. જેનો ઉપયોગ સામાન્ય રીતે પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવે છે. તેમની પાસે જેટલા પ્રમાણમાં ફુડ પેકેડ મળ્યા છે તે દર્શાવે છે કે તેઓ લાંબા સમય સુધી લડત લડવાની યોજના ધરાવતા હતા. દરમિયાન સરકારી સુત્રોએ કહ્યુ ંછે કે વડાપ્રધાનની રેલી જમ્મુ કાશ્મીરમાં નિર્ધારિત કાર્યક્રમ મુજબ જ યોજાશે. શુક્રવારે એક સાથે ચાર ત્રાસવાદી હુમલા થયા હોવા છતાં આ રેલી આગળ વધશે. દરમિયાન સેનાના વડા દલબીરસિંહ સુહાગ શ્રીનગર પહોંચી ગયા છે. તેઓએ શુક્રવારના હુમલામાં શહીદ થયેલા જવાનો એ અધિકારીઓને શ્રદ્ધાંજલિ આપી હતી. શુક્રવારે ત્રાસવાદનો દિવસ હતો જેમાં સેનાના આઠ જવાન માર્યા ગયા હતા. વિધાનસભાની ચૂંટણીને લઇને મોદીની રેલી પહેલા આ હુમલા કરવામાં આવ્યા હતા. ભારે સશસ્ત્ર ત્રાસવાદીઓએ આ હુમલો કર્યો હતો. સિનિયર ઓફિસર પણ શહીદ થયા હતા.



**૧૩મી ડિસેમ્બરે દિલ્હી ડાયલોગ કાર્યક્રમ**

## ચૂંટણી : કેજરીવાલ ફરીવાર વીજ, પાણીના મુદ્દા ઉઠાવશે

નવી દિલ્હી,તા. ૬

વિજન ડોક્યુમેન્ટ તૈયાર કરી રહેલી આમ આદમી પાર્ટી પોતાના સૌથી પસંદગીના મુદ્દા દિલ્હી વિધાનસભાની ચૂટણીમાં ઉઠાવવા માટે તૈયાર છે. પ્રાપ્ત અહેવાલ મુજબ એએપી પોતાના ફેવરીટ મુદ્દા વીજળી અને પાણીના મુદ્દાને લઈને લોકોની વચ્ચે જનાર છે. ૧ ૩મી ડિસેમ્બરના દિવસે દિલ્હીમાં ડાયલોગ પ્રોગ્રામ આયોજિત છે. જેમાં આ મુદ્દા પર ચર્ચા કરાશે. પાર્ટીના જુદા જુદા એકમોએ લોકોની વચ્ચે જઇને બેઠકોનો દોર શરૂ કરી દીધો છે. પાર્ટીને લાગે છે કે દિલ્હીમાં પોતાની ૪૯ દિવસ જુની સરકાર દરમિયાન જે રીતે વિજળીના બિલ અડધા કરવામાં આવ્યા હતા અને દરરોજ ૭૦૦ લીટર મફત પાણી આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી પાર્ટીને લાગે છે કે જો પાર્ટી વીજળી અને પાણીના મુદ્દાને દોહરાવે છે તો વિધાનસભાની ચૂંટણીમાં તેને ખુબ ફાયદો થઈ શકે છે. આના માટે પાર્ટી રીન્યુવેબલ એનર્જી, પાવર ગ્રીડ કંપનીઓ અને વીજળી ટ્રાન્સમિશન, ડિસ્ટ્રીબ્યુશન જેવા મુદ્દા પર ચર્ચા કરી રહી છે. પાર્ટી નેતાઓ કહે છે કે જો વીજળી અને પાણીના મુદ્દા પર પાર્ટી પોતાના જુના વલણ પર મક્કમ રહે છે તો ખુબ મોટી રાહત થઈ શકે છે.દિલ્હી ડાયલોગ હેઠળ જાન્યુઆરી સુધી જુદા જુદા મુદ્દા પર ચર્ચા કરવામાં આવનાર છે. જેમાં ગામો સાથે જોડાયેલા મુદ્દાઓ, હેલ્થ અને એજ્યુકેશન, ટ્રાફિક, પાર્કિંગ અને ટ્રાન્સપોર્ટ પર ડાયલોગ થશે. આ વાતચીતને લઈને પણ મુદ્દા તૈયાર કરવામાં આવી રહ્યા છે. આમ આદમી પાર્ટીની લોકપ્રિયતા અગાઉની સરખામણીમાં હવે ઘટી રહી છે.

## ઝારખંડમાં ત્રીજા તબક્કાના મતદાન પહેલા આક્રમક પ્રચાર

હઝારીબાગ,તા. ૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઝારખંડમાં આક્રમક ચૂંટણી પ્રચાર કરીને વિકાસના મુદ્દાઓ ઉપર ભાર મુક્યો હતો. સાથે સાથે કહ્યું હતું કે, આતંકવાદીઓ ભારતીય લોકશાહી ઉપર હુમલા કરવાના પ્રયાસ કરી રહ્યા છે. આતંકવાદી હુમલા અંગે મોદીએ આકરી પ્રતિક્રિયા આપી હતી.મોદીએ કહ્યું હતું કે, તેઓ આક્રમક રીતે વિકાસના મુદ્દા ઉપર ભાર મુકશે. રાજ્યને વિકાસના માર્ગ ઉપર લઈ જવા જાતિ રાજકારણ કરવાના બદલે વિકાસની રાજનીતિ રમવા માટે તેમને વાત કરી હતી. ઝારખંડ અને હઝારીબાગને વિકાસના માર્ગ ઉપર મુકવા તેઓએ આજે આક્રમક પ્રચાર દરમિયાન વિવિધ મુદ્દા ઉપર વાત કરી હતી અને કહ્યું હતું કે, જાતિ રાજકારણને



છોડવાનો સમય આવી ગયો છે. ૯મી ડિસેમ્બરના દિવસે નિર્ધારિત કાર્યક્રમ મુજબ ઝારખંડમાં ત્રીજા તબક્કા માટે મતદાન યોજાનાર છે. મોદીએ કહ્યું હતું કે, ઝારખંડ કોઈ સામાન્ય રાજ્ય નથી. તે દેશમાં નંબર વન બનવાની ક્ષમતા ધરાવે છે. ઝારખંડ રાજ્યના લોકો અન્ય રાજ્યમાં જાય તેના બદલે લોકોને રોજગારી આપવા માટે ક્ષમતા ધરાવે છે. રાજ્યમાં રોજગારીની તકો બંધ થઈ જશે જો લોકો ઘરેથી બહાર જશે તો તેમને તકલીફ રહેશે. વૃદ્ધ માતા-પિતાની સેવા કરવાની તક મળશે નહીં. મોદીએ કહ્યું હતું કે, ફેક્ટરીઓ સ્થાપિત કરી યુવાનોને શિક્ષણ અને રોજગારી ઉપલબ્ધ કરાવવા માટે તેઓ કટિબદ્ધ છે. સ્થિતિને બદલી નાંખવાનો હવે સમય આવ્યો છે. ગ્રામીણ વિસ્તારોમાં વિજળીની સુવિધાનો પણ સમય છે. તેમણે ઉમેર્યું હતું કે, તમામ પરિવારોએ વિમા સાથે રહેલી જનધન યોજનામાં જોડાવવું જોઈએ. હાલમાં યોજાઈ રહેલી વિધાનસભાની ચૂંટણીમાં મોટાપાયે ભાજપ માટે મતદાન કરવા અપીલ કરતા તેમણે કહ્યું હતું કે, ભાજપ સત્તા પર આવશે તો માત્ર રાજ્ય સરકાર જ નહીં બલ્કે કેન્દ્ર સરકાર પણ રાજ્યના વિકાસ માટે કટિબદ્ધ રહેશે.

## તંગ સ્થિતિ વચ્ચે સેનાના વડા સુહાગ શ્રીનગરમાં પહોંચ્યા

જમ્મુ,તા. ૬

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી હુમલાના એક દિવસ બાદ સેનાના વડા જનરલ દલબીરસિંહ સુહાગે આજે જમ્મુ કાશ્મીર પહોંચી જઇને શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. દલબીરસિંહ શ્રીનગર પહોંચ્યા હતા અને તેઓએ હુમલા બાદ ઉભી થયેલી સ્થિતિ ઉપર ચર્ચા કરી હતી. સેનાના વડા શુક્રવારના હુમલામાં માર્યા ગયેલા જવાનોને લઈને અધિકારીઓને મળ્યા હતા. આ ઉપરાંત જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણીને લઈને વડાપ્રધાન મોદી આઠમીએ પહોંચી રહ્યા છે જેથી તેઓએ ઉચ્ચ અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. અહેવાલ મુજબ પાકિસ્તાની સેના અને આઈએસઆઈ સંયુક્તરીતે જમ્મુ કાશ્મીરમાં ઘુસણખોરી કરી ચુકી છે. ચૂંટણી પ્રક્રિયાને ખોરવી નાંખવા તે મક્કમ બનેલી છે. આતંકવાદી હુમલાના એક દિવસ બાદ એવું પણ જાણવા મળ્યું છે કે, હજુ હુમલા થવાની સંભાવના રહેલી છે.


હુમલા અંગે પ્રતિક્રિયા આપતા પીડીપીના નેતા મહેબુબા મુફ્તીએ કહ્યું હતું કે, હિંસા ઘટે તે જરૂરી છે. બીજી બાજુ ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું હતું કે, ઉંચુ મતદાન ઉજવણીની બાબત છે. પીડીપીના વડાએ હવે પાકિસ્તાનને તેમની પ્રવૃત્તિને રોકી દેવા કહેવું જોઈએ. પાકિસ્તાન તરફથી આતંકવાદીઓ ઘુસણખોરીના ઈરાદા ધરાવે છે. જેથી દેશભરમાં હાલ મજબૂત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે. ગઈકાલે એક સાથે ચાર આતંકવાદી હુમલા થયા હતા જેમાં ૨ ૧ના મોત થયા હતા જેમાં સેનાના સાત જવાનોનો સમાવેશ થાય છે. આતંકવાદીઓને પણ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા.

**પ્રજાસત્તાક દિવસે ઓબામા ખાસ મહેમાન રહેશે**

## બરાક ઓબામા માટે ભોજન અમેરિકામાં જ તૈયાર કરાશે

નવી દિલ્હી,તા. ૬

અમેરિકાના પ્રમુખ બરાક ઓબામા પ્રજાસત્તાક દિવસે ભારતના ખાસ મહેમાન બનવા માટે તૈયાર થઈ ગયા બાદ તેમના માટેની તમામ તૈયારી કરવામાં આવી રહી છે. તેમના માટે ભોજન ખાસ રીતે અમેરિકામાં જ બનશે. અમેરિકાના પ્રમુખ ઓબામા ખાસ મહેમાન રહેશે. પરંતુ જ્યારે તેઓ અન્ય મહેમાનો સાથે રહેશે ત્યારે તેમની બોજનની ડિસ અન્યો કરતા અલગ રહેશે. કારણ કે તેમના માટે ડિશ વ્હાઈટ હાઉસના શેફ દ્વારા બનાવવામાં આવનાર છે. અમેરિકા પ્રમુખ માટે હમેંશા તેની



ગુણવત્તાવાળા સુરક્ષા રહે છે જેના ભાગરૂપે આ નિર્ણય કરવામાં આવ્યો છે. એક્સ સિક્રેટ સર્વિસના બોડીગાર્ડ જોસેફ પેટ્રોને ખાસ જવાબદારી સોંપવામાં આવી છે. ભોજન આપવામાં આવે તે પહેલા વ્હાઈટ હાઉસ દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવશે. ઓબામા વ્હાઈટ હાઉસમાં પોતાના પરિવારના સભ્યોની સાથે ભોજન કરે છે પરંતુ તેઓ વિદેશી ડીસની મજા પણ માણે છે. પ્રમુખ ઓબામાનો કાફલો પહોંચે તે પહેલા સિક્રેટ સર્વિસ ના લોકો પહોંચી જસે અને કુકિંગ પ્રક્રિયા પર નજર રાખશે. વ્હાઈટ હાઉસ દ્વારા ઓબામાની પસંદગીની ચીજવસ્તુઓની યાદી ડિશમાં ઉપયોગ કરવામાં આવતી ચીજ વસ્તુઓ સાથે મોકલી દેવામાં આવશે. ત્યારબાદ ભોજન બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવશે. વર્ષ ૨૦૧૦માં જ્યારે ઓબામા ભારત આવ્યા ત્યારે મુંબઈ ખાતેની જેજે હોસ્પિટલના તબીબોની એક ટીમ દ્વારા તેમના ફુડ ટેસ્ટિંગમાં સિક્રેટ સર્વિસની મદદ કરી હતી. વર્ષ ૨૦૦૯માં શપતવિધી દરમિયાન ૧૦૦૦૦૦ જાતની ડિશ તૈયાર કરવામાં આવી હતી. પેટ્રો દ્વારા આ સંબંધમાં સ્પષ્ટતા કરવામાં આવી છે. જો કે ઓબામાના આગમનને લઈને ભારતમાં જોરદાર તૈયારી છે.

## સુપ્રીમના જજની નિવૃત્તિ વય વધશે નહીં : સરકાર

નવી દિલ્હી,તા. ૬

કાયદાપ્રધાન સદાનંદ ગૌડાએ કહ્યુંછે કે, સુપ્રીમ કોર્ટના જજની નિવૃત્તિ મર્યાદાને વધારવાની કોઈપણ દરખાસ્ત નથી. સુપ્રીમ કોર્ટના જજની નિવૃત્તિની વય હાલમાં ૬૫ વર્ષની છે જેને ૬૮ કરવાની યોજના નથી. રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે આ બિલ સંસદીય સમિતિને સોંપી દેવામાં આવ્યું છે જેના પરિણામ સ્વરુપે તેમાં અભ્યાસની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ગૌડાનું કહેવું છે કે, સંસદીય સમિતિને બિલ સોંપી દેવામાં આવ્યા બાદ સમિતિએ એવી ભલામણ કરી હતી કે, આ બિલમાં કોઈપણ ફેરફાર કરવા જોઈએ નહીં. તેને વર્તમાન સ્વરુપમાં જ કોઈ વિલંબ વગર પસાર કરી દેવું જોઈએ. આ બિલ ચર્ચા માટે હાથ ધરી શકાય નહીં. ગૌડાએ પહેલી ડિસેમ્બરના દિવસે કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટમાં ત્રણ ખાલી જગ્યા રહેલી છે. ૨૪ હાઈકોર્ટમાં ૯૮૪ની મંજુર કરવામાં આવેલી સંખ્યાની સામે ૬૨૯ની સંખ્યા છે જેમાં ૩૫૫ જગ્યાઓ છે.

## આઈ કેમ્પ બનાવ સંદર્ભે આરોપી ડોક્ટરની અંતે ધરપકડ કરાઈ

ચંદીગઢ,તા. ૬

પંજાબના ગુરદાસપુરમાં આઈ કેમ્પમાં મોટી સંખ્યામાં લોકોએ આંખોની રોશની ગુમાવી દીધા બાદ આ સંદર્ભમાં હવે એક તબીબની ધરપકડ કરવામાં આવી છે. બીજી બાજુ રાષ્ટ્રીય માનવ અધિકાર સંસ્થા દ્વારા પંજાબ સરકાર પાસેથી અહેવાલની માંગણી કરી છે. કેટલાક લોકો ઉપર સર્જરી કરનાર ખાનગી તબીબ વિવેક અરોરાની ધરપકડ કરવામાં આવી હતી. આ ઉપરાંત ખાનગી હોસ્પિટલ અને મથુરા સ્થિત એનજીઓ સામે એક કેસ નોંધીને તપાસ હાથ ધરાઈ છે. મથુરા સ્થિત એનજીઓ દ્વારા કેમ્પનું આયોજન ગુરદારપુરના ઘુમાન ગામમાં કરવામાં આવ્યું હતું. ગુરદાસપુરના ડેપ્યુટી કમિશનર અભિનવ ત્રિખાએ માહિતી આપતા કહ્યું હતું કે, વિવેક અરોરા સામે કેસ નોંધવામાં આવ્યો છે. તેમની ધરપકડ કરવામાં આવી છે. કેમ્પના આયોજક મનજીતસિંહની પણ અટકાયત કરવામાં આવી છે. દરમિયાનમાં કેન્દ્ર સરકારે પણ આઈ કેમ્પમાં બનેલા બનાવને લઈને પંજાબ સરકાર પાસેથી અહેવાલ માંગ્યો છે. રાષ્ટ્રીય માનવ અધિકાર દ્વારા પણ અહેવાલની માંગ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલે મેડિકલ કેમ્પમાં બનેલા બનાવને લઈને તપાસનો આદેશ આપી દીધો હતો. અંગતરીતે તપાસ કરવા મુખ્ય સચિવ (આરોગ્ય)ને સુચના આપવામાં આવી છે. ઘટના સ્થળે જઈને પણ તપાસ કરાશે. દરમિયાન મુખ્યમંત્રીએ અસરગ્રસ્ત પરિવારો પૈકીના દરેકને એક-એક લાખ રૂપિયાની વચગાળાની રાહત આપવામાં આવી હતી. મફત તબીબી સારવાર માટેની પણ જાહેરાત કરી હતી. પંજાબના ગુરૂદાસપુર જિલ્લામાં એક એનજીઓ દ્વારા આયોજિત આઈ કેમ્પમાં ઓપરેશન બાદ ઓછામાં ઓચા ૬૦ લોકોએ પોતાની આંખોની રોશનની ગુમાવી દેતા ભારે વિવાદ થઈ ગયો છે. પંજાબની સરકાર સામે પણ પ્રશ્નો ઉઠા રહ્યા છે.અધિકારીઓએ વિગત આપતા કહ્યું છે કે રોશની ગુમાવી દેનાર લોકો પૈકી ૧૬ લોકો અમૃતસરના છે. જ્યારે અન્ય ગુરૂદાસપુરના નિવાસી છે. આ તમામને અમૃતસર અને ગુરૂદાસપુરના ઈએનટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

## બર્ધવાન બ્લાસ્ટ : અન્ય એક શખ્સની ધરપકડ કરી લેવાઈ

કોલકત્તા,તા. ૬

પશ્ચિમ બંગાળમાં બીજી ઓક્ટોબરના દિવસે થયેલા બર્ધવાન



બ્લાસ્ટ મામલામાં તપાસ કરી રહેલી નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ) દ્વારા હવે ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. શુક્રવાર રાત્રે તેની ધરપકડ કરવામાં આવ્યા બાદ હવે તપાસ કરવામાં આવી રહી છે. ઝડપાયેલો શખ્સ સાહનુર અલમ તરીકે ઓળખાયો છે. તેની આસામમાંથી ધરપકડ કરવામાં આવી છે. આને ખુબ મોટી સફળતા તરીકે ગણવામાં આવે છે. તે ખતરનાક ત્રાસવાદી સંગઠન જમ્માત ઉલ મુજાહીદીન બાંગલાદેશનો મુખ્ય નાણાંકીય ભેજાબાજ હોવાની વિગત સપાટી પર આવી છે. કેન્દ્રિય સુરક્ષા સંસ્થાની મદદથી આસામના નાલબેરી જિલ્લામાંથી તેની ધરપકડ કરવામાં આવી છે. આસામ પોલીસની સાથે મવીનો એનઆઈએની ટીમ આ વિસ્તારમાં તપાસ કરવા માટે પહોંચી હતી. નાલબેરી જિલ્લામાં અંતે તેને સકંજામાં લેવામાં સફળતા મળી હતી. અગાઉ એનઆઈએ દ્વારા ધરપકડ કરવામાં આવેલા શખ્સો સાજિદ ઉર્ફે શેખ રહમતુલ્લા, મ્યાનમાર નાગરિક ખાલિદ મોહમ્મદ અને અબ્દુલ હકીમ હાલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. સાજિદની ધરપકડ કરવામાં આવ્યા બાદ બ્લાસ્ટ કેસના સંબંધમાં અનેક નવી વિગત સપાટી પર આવી હતી. જેના કારણે અન્યોની ધરપકડ શક્ય બની છે. તપાસ સંસ્થા સાજિદની ધરપકડ કરવામાં આવ્યા બાદ અલમની શોધ કરી રહી હતી. તે ધરપકડને ટાળવાના પ્રયાસ કરી રહ્યો હતો. તપાસ સંસ્થાએ ગયા મહિનામાં જ તેની પત્નિની ધરપકડ કરી હતી જો કે અલમ બ્લાસ્ટ થયા બાદથી ફરાર હતો. તે નાસતો ફરી રહ્યો હતો. તે આસામમાં બારપેટા જિલ્લાના ચતાલા ગામનો છે. તેના પર પાંચ લાખનુ ઈનામ પણ હતુ. હજુ સુધી અડધા ડજન જેટલા લોકોની ધરપકડ કરવામાં આવી છે.

**વાત કાનૂન કાયદાની... (અનુસંધાન પાના નં. ૪ નું ચાલુ)**

ખોટા ટાઈટલ તથા રીપોર્ટ આપનાર સામે બેન્કે ફરીયાદ કરવાની થાય છે પરંતુ ખોટુ સરનામુ ખોટી મિલ્કત પોતાની જણાવી ખોટા સર્ટી લેનાર સામે બેન્ક પગલા ભરતી નથી બીજાની પ્રોપર્ટી પોતાની જણાવે છે જે વસ્તુ સ્થિતિ સામે હોય વેલ્યુયર માની જ લે છે બતાવેલ પ્રોપર્ટીના કાગળો દસ્તાવેજો મુજબની જ આ મિલ્કત છે.

અઠી કરોડના મૂલ્યના બંગલામાં ફર્નીચર ગોઠવી તેનું મૂલ્ય ૮.૪૫ કરોડ બતાવી અનમોલ અગ્રવાલે બેન્ક ઓફ મહારાષ્ટ્રમાં લોન મેળવવામાં સફળ થયેલ છે બેન્કે રીપોર્ટની ખરાઈ કર્યા સીવાય જ લોન મંજુર કરતા બેન્કના નાણા ફસાઈ ગયા છે ખોટી રીતે આવા લોકો લોન લઈ જાય છે અને સાચા નાના વેપારીને સહન કરવાનું આવે છે તેમ છતાં લોન મંજુર કરનાર અધિકારીઓ સામે કોઈ જ કાયદાકીય પગલા ભરવામાં આવતા નથી થાપણદારોના નાણાનો દુરઉપયોગ બેન્કના મેનેજરો આવી રીતે ભાગબટાઈથી લોન આપવામાં કરે છે જેનાથી થાપદારો અને શેર ધારકોને જ સહન કરવું પડે છે આવી લોકો ભરપાઈ ના થયાને કારણે રોકાણકર્તાને પોતાની મૂડી ઉપર પૂરતુ વ્યાજ મળતુ નથી તથા ઉંચો નફો મળતો નથી સદર કેસમાં ગાંધીનગરના વેલ્યુયરની સમય સૂચકતાથી સમગ્ર કૌભાંડ બહાર આવવા પામેલ છે.

નોંધ : કાયદાની વધુ જાણકારી માટે તથા વાચકોના લાભાર્થે વેબસાઈટ www.ashvintrivedi.com જોવા વિનંતી.

## મુઝફ્ફરનગર હિંસામાં પંચને વધુ મહેતલ મળી

મુઝફ્ફરનગર,તા. ૬

ઉત્તરપ્રદેશ સરકારે મુઝફ્ફરનગર કોમી હિંસાના મામલામાં તપાસ કરનાર એક સભ્યના પંચની અવધિને આજે ત્રણ મહિના સુધી વધારી દીધી હતી. આ એક્સટેશન બાદ કમિશનની અવધિ વધુ ત્રણ મહિનાની રહેશે.

૧૧ ડિસેમ્બરથી ૧૮મી ડિસેમ્બર વચ્ચેના ગાળામાં પંચ દ્વારા કોમી હિંસા દરમિયાન તૈનાત રહેલા અધિકારીઓના નિવેદન નોંધશે. એડિશનલ ડિસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટ ઈન્દરમણિ ત્રિપાઠી દ્વારા આજે આ મુજબની માહિતી અપાઈ હતી. અલ્હાબાદ હાઈકોર્ટના નિવૃત્ત જજ વિષ્ણુ સહાયના પંચે નવમી સપ્ટેમ્બરના દિવસે તેની રચના કરી હતી અને હવે વધુ ત્રણ મહિનાની મહેતલ અપાઈ છે. આ પંચને ત્રીજી વખત મહેતલ આપવામાં આવી છે. અગાઉ છ-છ મહિના માટે બે વખત મહેતલ અપાઈ હતી. જેની અવધિ નવેમ્બરમાં પૂર્ણ થઈ હતી. મુઝફ્ફરનગર અને આસપાસના વિસ્તારોમાં ભડકી ઉઠેલી હિંસામાં ૬૦ લોકોના મોત થયા હતા અને હજારો લોકો બેઘર થયા હતા.

## કાશ્મીરમાં ત્રાસવાદી પ્રવૃત્તિ માટે મોદી દોષિત છે : રાહુલ

રાંચી,તા. ૬

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ કાશ્મીરમાં વધતી જતી આતંકવાદી પ્રવૃત્તિ બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર દોષારોપણ કર્યા હતા. જમ્મુ કાશ્મીરમાં ગઈકાલે ચાર આતંકવાદી હુમલા કરવામાં આવ્યા હતા. ૧૧ સુરક્ષા જવાનો સહિત ૨૧ લોકોના ગઈકાલે મોત થઈ ગયા હતા. રાહુલ ગાંધીએ આજે બપોરે કાંકેમાં ચૂંટણી રેલીને સંબોધતા કહ્યું હતું કે, તેઓ ચીન અને પાકિસ્તાન સાથે તમામ મુદ્દાઓને હાથ ધરશે તેવી વાત કરી રહ્યા હતા પરંતુ વડાપ્રધાન બની ગયા બાદ ધ્યાન અપાઈ રહ્યું નથી. યુપીએના શાસન દરમિયાન પ્રવાસીઓ કાશ્મીર આવી રહ્યા હતા. જમ્મુ કાશ્મીરમાં શાંતિ હતી પરંતુ કેન્દ્રમાં મોદી સરકાર આવ્યા બાદ આતંકવાદી પ્રવૃત્તિ શરૂ થઈ ગઈ છે. પ્રવાસીઓ આવી રહ્યા નથી પરંતુ આતંકવાદીઓ આવી રહ્યા છે. રાહુલે વધુમાં કહ્યું હતું કે, ચૂંટણી પહેલા જ્યાં પણ તેઓ ગયા હતા ત્યાં કોમવાદી હિંસા ભડકી ઉઠી હતી. મહારાષ્ટ્ર, દિલ્હી અને ઉત્તરપ્રદેશમાં કોમવાદી હિંસા



ચોક્કસપણે થઈ હતી. તેઓએ લોકોને એક સમુદાયને બીજા સમુદાય સામે મુકી દીધા છે. કોમવાદી હિંસા બાદ ચૂંટણી યોજાઈ છે. ગાંધીએ કહ્યું હતું કે, ભાજપને લોકોની રોજગારીની ચિંતા નથી. તેઓ સત્તા આંચકી લેવા માટે ઈચ્છુક છે. તેઓ જમીન અધિગ્રહણ બિલને રદ કરવા ઈચ્છુક છે. નરેગા સ્કીમને પણ રદ કરવાની યોજના છે. જે કાયદા અમારા દ્વારા લવાયા હતા તે કાયદાઓને રદ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. કોંગ્રેસ સાથે ભાજપની નીતિઓની સરખામણી કરતા તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ લોકોને સત્તા આપવા ઈચ્છુક હતી જ્યારે ભાજપ માત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સત્તા આપવા ઈચ્છુક છે. મોદી તમામ સત્તા તેમના હાથમાં રાખવા ઈચ્છુક છે. તેઓ દરેક બાબતને બદલી દેશે. અચ્છે દિનનું વચન લોકો યાદ કરી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, મોદીએ કાળા નાણાના મુદ્દે પણ વચન આપ્યા હતા. તેમની આદર્શ ગ્રામ યોજનાના વચનો પણ આપ્યા હતા. આદર્શ ગ્રામ યોજના માટે કોઈપણ બજેટ નથી. અચ્છે દિનના બદલે મોદી વિદેશ પ્રવાસે ઉપડી ગયા છે અને લોકોને રસ્તાઓ સાફ કરવા કહી રહ્યા છે. તેમના પ્રધાનો રસ્તાઓ સાફ કરી રહ્યા છે. રાહુલે તેમની સરકારની બે અવધિને યાદ કરી હતી અને લોકોને અપાયેલા વચનો અંગે વાત કરી હતી.

## સમાચાર ઝલક

- ચલણી નોટ ઉપર ગાંધીજીનું ચિત્ર યથાવત રહેશે : રીઝર્વ બેંક
- ફિલ્મ અભિનેત્રી અને સંસદ સભ્ય શ્રીમતી હેમા માલિનીએ 'યમુના બચાવો' ઝુંબેશ આદરી.
- શિવસેનાના સ્થાપક શ્રી બાલઠાકરેએ ૧૫ વર્ષમાં નવ વખત વસિયત નામામાં ફેરફારો કરાવ્યા હતાં.
- મુસ્લિમ યુવતી ૧૫ વર્ષ બાદ પોતાની ઈચ્છા મુજબ લગ્ન કરી શકે છે : ગુજરાત હાઈકોર્ટ.
- ફિલ્મ અભિનેત્રી શ્રીમતી માધુરી નેને (દિક્ષીત)ના દીકરાઓનો જીવ જોખમમાં. ફોનથી ધમકીઓ.
- અરુણાચલમાં ૪.૮ની તીવ્રતાનો ભૂકંપનો ઝાટકો.
- ૨૦૧૮થી તમામ યુરોપીયન કારમાં ઈમરજન્સી કોલ સીસ્ટમ હશે.
- રાજકોટમાં ૧૪ વર્ષના વિદ્યાર્થીની વોટરબેગમાંથી દારુ મળી આવ્યો.
- ભાવનગરમાં નીલ ગાય અથડાતા જાનની કારે પલ્ટી ખાધી. બેનાં મોત.
- પોસ્ટખાતાને નવું કલેવર આપવાની ભલામણ. બેક પદ્ધતિ સરળ બનાવાશે.
- સરદાર વલ્લભભાઈ પટેલની જેમ હવે શિવાજી મહારાજની પ્રતિમા અરબી સમુદ્રમાં મુકાશે.